

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

આપણને પકડે એવા કાયદા બદલી નાખો !
થાય નહીં અમલ એવા વાયદા બદલી નાખો !
બદલી નાખો નડતર રૂપ સાચા અધિકારીને -
આંખ બતાવે એવા ન્યાયાધીશને બદલી નાખો...

હાઈકુ

પટપટાવે -
નહીં જો પૂંછડી, તો -
એ કાપી નાખો !
(વફાદાર શ્વાસ જોઈએ)

ચાલે રિમોટે -
એવું રોબોટી તંત્ર -
બનાવી નાખો !
(કહ્યાગરી લોકશાહી !)

### ચિંતન

ગત વયસામપિ પુસાં, યેષામર્થા ભવન્તિ, તે તરુણા ।
અર્થેન તુ યે હીના, વૃદ્ધાસ્તે યૌવને અપિ સ્યુ: ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ ઓછે.

ઉંમર વધી ગઈ હોવા છતાં જેની પાસે ધન છે, સમૃદ્ છે, સંપત્તિવાન છે તે યુવાન જ ગણવામાં આવે છે. પરંતુ યુવાન હોવા છતાં, જે નિર્દન હોય, ગરીબ હોય તો વૃદ્ધમાં ગણતરી થાય છે.

સમાજ સંસારનો નિયમ છે, લોકો ઊગતા સૂરજને પૂજે છે. પૈસાદારમાં સદ્‌ગુણો ન હોય છતાં પ્રમુખ સ્થાને પ્રસ્થાપિત થઈ પૂજાય છે. તેમનામાં ન હોય તેવા ગુણો સંસ્કાર-સારાપણું લોકો ખોદી-ખોદી સીંચી કાઢે છે અને ધનવાનોને ચગાવે છે.

જ્યારે ગરીબ સદ્‌ગુણી અને પ્રમુખ શોભાવાને લાયક હોય છતાં પણ તેની પૃછા પણ કરવામાં આવતી નથી. લોકો તેને અવગણે છે. સદ્‌ગુણ સંપન્ન સંસ્કારી હોવા છતાં ગરીબ જનને લોકો નાથીયો કહીને બોલાવે ચે. અને નાણાં હોય તો નાથાલાલ કહે છે.

સંસારમાં સમૃદ્ધિ-સંપત્તિ જ સર્વસ્વ નથી, પણ સદ્‌ગુણોની પણ સંભાળ લેવાવી જોઈએ.

### સુવિચાર

- અપરાધી મન વીંછીઓથી ભરેલું હોય છે - **જન્મભૂમિ**
- કેળવણી દ્વારા નવો જ માણસ નિર્માણ કરવાનો છે,
  દેવતાઈ માણસનું નિર્માણ કરવાનું છે - **કાકાસાહેબ કાલેલકર**
- વાચન મનુષ્યને સંપૂર્ણ બનાવે છે,
  વાતચીત તેમને તૈયાર બનાવે છે, લેખન તેમને ચોક્કસ બનાવે છે - **સ્વેટ માર્ડન**
- હાસ્ય એ તો દુ:ખી દુનિયા પર ઈશ્વરનો પ્રેમાળ હાથ છે - **આચાર્ય બિજુ**
- આનંદી માણસને કદી અજીર્ણ સતાવતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- મન એ શરીરરુપી વહાણનો કપ્તાન છે - **ઓશો**
- આજનું ઔષધ : જાંબુના કુમળા પાન વાટીને પાણીમાં મિક્સ કરી ને પાણીના કોગળા કરવાથી મોઢામાં ચાંદા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્નુપી એક કૂતરાનું કાર્ટુન કેરેકટર છે. આ કાર્ટુનમાં એક દસેક વર્ષનો છોકરો નદી કિનારે ઉદાસ બેઠો છે. તેને વ્હાલો કૂતરો તેને રમવા માટે બોલાવે છે પણ છોકરો ખૂબ ઉદાસ છે કારણ કે તેના કોઈ સગાનું મૃત્યુ થયું છે. એ છોકરો હવે મૃત્યુને સમજે છે અને નથી પણ સમજતો. એના પપ્પા એ એના મમ્મીને છાની રાખવા કહ્યું હતું, ‘રડવાનું બંધ કર... મૃત્યુ તો જીવનનું સત્ય છે અને એક દિવસ આપણે સૌ મરી જવાના છીએ.’ આ વાક્ય છોકરાએ સાંભળ્યું અને છોકરો ડરી ગયો. ઉદાસ થઈ કિનારે બેસી ગયો. તેના કાનમાં એક વાક્ય ગુંજ્યા કરે છે, ‘આપણે બધા પણ એક દિવસ મરી જ જવાના છીએ...’ કૂતરો સ્નૂપી તેને તોફાન કરવા સતત બોલાવી રહ્યો છે. પણ છોકરો રમવા જતો નથી. સ્નુપીને ભેટીને છોકરો બોલે છે... ‘વ્હાલા સ્નુપી.. તને ખબર છે કે આપણે બધા એક દિવસ મરી જ જવાના છીએ’ સ્નુપી તેને જવાબ આપે છે. ‘હા, મને ખબર છે કે આપણે બધા એક દિવસ મરી જવાના છીએ... પણ સાથે સાથે મને એ પણ ખબર છે કે... આપણા જીવનના બધા દિવસો આપણે મરી જવાના નથી... આપણે સૌ આપણા જીવનના બધા દિવસ જીવશું... પછી એક દિવસ મરી જઈશું.’ આ કાર્ટુનમાં સ્નુપી એક કૂતરો આ વાક્ય છોકરાને સમજાવતા કહે છે, અને સ્નુપી છોકરાને પાણીમાં રમવા ખેંચી જાય છે. સાર એ છે કે... ‘ભલે આપણે બધા પણ એક દિવસ મરી જ જવાના છીએ... આ વાતથી આપણે દુ:ખી થઈએ છીએ કે નાસીપાસ થઈએ... તેના કરતાં એક દિવસ મરવાના છીએ તો બાકીના બધા દિવસ નથી મરવાના... જીવવાના છીએ તો પછી પ્રેમથી... મસ્તીથી... આનંદથી જીવીએ... રોજ જીવનનો ઉત્સવ ઉજવીએ.’

# આખરે અમેરિકાએ પણ ઝૂકવું પડ્યું

**તંત્રીસ્થાનેથી...**

જનશક્તિનો કોઈ જવાબ નથી. ધર્મ કે વતનની અસ્મિતાના નામ પર ખુવાર થઈ જવાની તૈયારી સાથે, માથે કફન બાંધીને નીકળી પડેલા મઝહબપરસ્ત કે વતનપરસ્ત લોકોને મહાસત્તાઓ પણ નમાવી શકતી નથી - એનાં અનેક ઉદાહરણો ઈતિહાસનાં પૃષ્ઠો પર નોંધાયેલાં છે. તાલેબાન વિશે ભાગ્યે જ કોઈના મન-મસ્તિષ્કમાં સદ્‌ભાવ હોઈ શકે. અનિષ્ઠ અને ખૂંખાર, લોહીતરસ્યા આ સંગઠન પાછળ આર્થિક સમર્થન પર મર્યાદિત જ હોય તે સમજી શકાય એમ છે. પરંતુ આ કટ્ટર આતંકી જૂથે અમેરિકા જેવી મહાસત્તાને નાકલીટી તણાવી દીધી છે તેની ઈતિહાસને નોંધ લેવી પડશે. અફઘાનિસ્તાનમાં કબાઈલી જૂથોના ટેકાથી ધર્મના નામે આરંભાયેલી કટ્ટરવાદી પ્રવૃત્તિને દાબમાં રાખવા વિશ્વની તમામ સુધરેલી પ્રજાઓએ થઈ શકે એ બધાં જ પ્રયાસો કર્યા. એને નેસ્તનાબૂદ કરવાનાં બણગાં ફૂંકાયાં. ટ્વિન ટાવર્સ સાથે વિમાનો અથડાવી અમેરિકાને હચમચાવી દેનાર અલકાયદાના મુખિયા ઓસામાન બિન લાદેનને પાકિસ્તાન આર્મીની સુરક્ષામાંથી ઉઠાવી લઈ દરિયામાં કફન કરી દેનાર અમેરિકાએ આખરે તાલેબાન સાથે સુલેહ કરી પોતાના હજારો સૈનિકો પરત બોલાવવાનું નામોશીભર્યું પગલું ભરવું પડ્યું છે. તાલેબાનના આકાઓનો ખાત્મો કરવાથી તાલેબાન ખતમ થયેલ નથી. નવા નવા સરદારો જૂનાઓની ખોટ પૂરતા રહ્યા છે. ઈસ્લામિક આતંકવાદનો વિશ્વકક્ષાએ સફાયો કરવાનાં બણગાં ફૂંકનારા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એમના દેશમાં આવતી અમેરિકન સૈનિકોની લાશો જોઈ ધ્રૂજી ગયા હતા. અમેરિકાનો એક નાગરિક પણ શહિદ થાય, યુદ્ધ મોરચે માર્યા જાય તે દુનિયાની જમાદારી કરતા મહાન રાષ્ટ્રને નામોશીભર્યું લાગતું હતું. આખી દુનિયામાં શાંતિ સ્થાપવાનો ઈજારો પોતાના હસ્તક રાખ્યો હોત એમ કયારેક ઈરાકના સદ્દામ હુસૈન સામે, કયારેક લીબિયાના કર્નલ ગદાફી સામે તો કયારેક ઓસામા બિન લાદેન અને અબુ બક્ર બગદાદી સામે અમેરિકાએ ડૉલરનું પાણી કરવું પડ્યું છે. ટ્રમ્પને આ પ્રકારનો ખર્ચ બિનજરૂરી લાગ્યો હતો. એમની ચૂંટણીમાં પણ એમને આ મુદ્દો ઊઠાવેલો. શા માટે આપણે આખી દુનિયાની ફિકરમાં પોતાના સૈનિકોનું લોહી વહેવડાવવું પડે? અમેરિકા ફક્ત અમેરિકાની ચિંતા કરે તે પૂરતું છે. ટ્રમ્પની આવી સ્વદેશલક્ષી વિચારધારા જ અફઘાનિસ્તાનને તાલેબાનના હવાલે કરી દેવાના નિર્ણયના મૂળમાં છે. અમેરિકાના બગલબચ્ચા જેવી ચૂંટાયેલી સરકાર માટે તાલેબાન હવે માથાનો દુખાવો બની રહેશે. કટ્ટર ઈસ્લામિક રાષ્ટ્ર તરીકે અફઘાનિસ્તાનના તાલેબાનો હવે પાકિસ્તાનને ભરપૂર મદદ કરશે અને કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ પાકિસ્તાનને પાડોશી રાષ્ટ્રનો મજબૂત ટેકો મળવા લાગશે. અમેરિકાને ભારતના ભવિષ્યની ચિંતા થોડી હોય? એને તો એકવાર સાપે છછુંદર ગળી લીધું હતું તે યેનકેન પ્રકારે ઓકી નાખવાની રાહત જ અનુભવાતી હશે.

# પરમાદેશ અને નૈસર્ગિક ન્યાયની સમજૂતિ



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

પરમાદેશ એટલે હુકમ અથવા આદેશ એવો કાયદામાં વ્યાખ્યા કરવામાં આવેલ છે. પરમાદેશ દ્વારા વડી અદાલત જાહેર સત્તામાં કાર્ય કરતા સત્તાધિશોને કાર્ય કરવા અગર તો ના કરવા માટે આદેશ જારી કરે છે અથવા કરવા અગર તો જે તે સત્તાધિશને કોઈપણ કાર્ય કરતા અટકાવવાનો આદેશાત્મક હુકમ કરે છે તેને પરમાદેશ કહેવામાં આવે છે.

મહદઅંશે જાહેર હેતુ માટે અને ફરજ પાલન માટે આ રીટ કાઢવામાં આવે છે. જે મુજબ જાહેર હિત કે હોદ્દો ધરાવતી વ્યક્તિ કે સંસ્થા તેની જાહેર ફરજો બજાવવામાં નિષ્ફળ જાય તો વડી અદાલત તેને પરમાદેશની રીટ દ્વારા તેવી ફરજો બજાવવા આદેશ જાહેર કરી શકે છે. પરમાદેશની રીટ કાનુની હક્ક ઉપસ્થિત થયેલ હોય ત્યારે જ મળી શકે છે. આવો હક્ક કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવો હોવો જોઈએ. જયારે કોઈ વ્યક્તિને તેના કાનુની હક્કથી કોઈ એવી વ્યક્તિએ વંચીત રાખેલ હોય કે જેની તે કાર્ય કરવાની કે ન કરવાની કાનુની ફરજ બનતી હોય. પરમાદેશ મેળવનાર વ્યક્તિએ સ્પષ્ટ રીતે દર્શાવવું જોઈએ કે સામાવાળા સામે કંઈ કાર્ય કરવાનો કે કાર્ય અટકાવવાનો કાનુની હક્ક હતો એટલે કે અરજદારને સામાવાળા પાસેથી કોઈ કાર્ય્ કરવાની જાહેર ફરજ હોવી જોઈએ તે ભારતના સંવિધાન અથવા અન્ય કોઈ કાયદા દ્વારા કે કોમન લૉ દ્વારા લાદવામાં આવી હોવી જોઈએ. અલબત આવી જાહેર ફરજ વૈદ્યાનિક હોવી જરૂરી નથી પરંતુ ફરજ જાહેર ફરજ હોય તે ખાસ જરૂરી છે. પક્ષકારો વચ્ચેની સમજુતીથી ઉપસ્થિત થયેલી ફરજ કે હક્ક માટે પરમાદેશ રીટ મળી શકે નહિ. પીટીશનર અને પક્ષકાર વચ્ચે થયેલા કરારના ભંગની શકયતાઓને અનુલક્ષીને પરમાદેશની અરજી થતા અદાલતે કઠરાવ્યું હતું કે પરમાદેશ માત્ર જાહેર સ્વરૂપની ફરજોના પાલન માટે જ આપી શકાય.

જો યોગ્ય હકુમત ધરાવતી ટ્રીબ્યુનલની સત્તા મર્યાદા અનુસારના આદેશોનું તાબા હેઠળની ટ્રીબ્યુનલ અમલ કરવાની ના પાડે તો તેની સામે પરમાદેશની રીટ જાહેર કરી શકાય છે. નિયમોની વિરૂધ્ધમાં તૈયાર કરેલ જયેષ્ઠતા યાદી કે બઢતી રદ કરવા માટે પરમાદેશની રીટ પણ થઈ શકે છે.

જયારે અરજમાં માંગવામાં આવેલી દાદનું વિષયવસ્તુ સંવિધાનની દ્રષ્ટ્રીએ પાલન કરવા માટે ફરજ પાડી શકાય તેવું ના હોય ત્યારે પરમાદેશ રીટ જારી થઈ શકે નહિ. દા.ત. કોઈપણ કાયદા કે સંવિધાનની જોગવાઈ સીવાય કોઈ પ્રધાનને રાજીનામું આપવાનો આદેશ આપી શકાય નહિ.

જયારે વહીવટી સત્તાધિશની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાની ફરજ હોય પરંતુ તેવો આવી સત્તાનો ઉપયોગ કરવાનું ચુકયા હોય તે પણ અદાલત વિવેકાધિન સત્તાના ઉપયોગ માટે પરમાદેશ જારી કરી શકે નહી. દા.ત. હોસ્પિટલના વહીવટમાં ગેરરીતીના આક્ષેપો બાબતમાં હક્કિતો મેળવવા અદાલત તપાસ પંચ નીમિ શકે તરંતુ રાજયને તપાસ પંચ નિમવા પરમાદેશ જારી કરી શકે નહિ. આ રીતે જયારે વિવેકાધિન હકુમત હોય ત્યાં પરમાદેશ રીટ જારી થઈ શકે નહિ.

પરમાદેશ અને નૈસર્ગીક ન્યાયનો સીધ્ધાંત એ બે એકબીજાની પુરક બાજુ છે. નૈસર્ગીક ન્યાયના સીધ્ધાંત અનુસાર કોઈ પણ વ્યક્તિને સાંભળ્યા વીના તેની સામે કામ ચલાવી શકાય નહિ તેમજ કોઈ પણ ગેરવર્તુણુંકની શિક્ષા પ્રાશ્ચવર્તી અસરથી લાગુ પાડી શકાય નહિ જે કૃત્ય માટે શિક્ષા કરવાની થતી હોય તે કૃત્ય કે નિયમો કે કાયદા અનુસાર તે સમયે જ ગુન્હો બનતો હોય તો જ તેને માટે શિક્ષા થઈ શકે. કૃત્ય થઈ ગયા પછી પ્રાશ્ચાતવર્તી અસરથી તેને ગેરવર્તન ઠરાવતો નિયમ અમલમાં મુકી શિક્ષા કરી શકાય નહિ.

પરમાદેશની રીટ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતે મંજુરલાબેન વાની વિરૂધ્ધ સરપંચ રાવણી ગ્રામ પંચાયતના કેસમાં પીટીશનરની રાવણી ગ્રામ પંચાયલ સ્કુલમાં ટીચર તરીકે નિમણુંક થયા પછી સરકાર તરફથી અનુદાન ન મળવાના કારણે અરજદારને ફરજ ઉપર લેવામાં આવી ન હતી. અરજદારે શાળાના નિર્ણય સામે ટ્રીબ્યુનલ રજુઆત કરતા ટ્રીબ્યુનલે અરજદારને ૧૯૮૧ થી ૧૯૮૯ સુધી પગાર ચુકવવા હુકમ કરી પરમાદેશ જારી કરેલ જે નોંધ પાત્ર ચુકાદો ગણવામાં આવે છે.

પરમાદેશમાં અરજદારે સાબીત કરવું જોઈએ કે તેને કઈ બાબતે કાનુની હક્ક છે અને આમ કરવા સામાવાળા કાનુની રીતે ફરજથી બંધાયેલા છે અને તેણે તેમ કરવામાં તેની ફરજનું પાલન કરેલ નથી. જો ફરજ સંવિધાન કે કાયદા દ્વારા કે કોમન લૉ દ્વારા લાદવામાં આવી હોય અને તેનો અમલ ન થયો હોય ત્યારે જ પરમાદેશની રીટ કરી શકાયે છે.

# કવિ કાગની કવિતામાં માનવજીવનની મીમાંસા છે...



**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

અણુમાં આખો વડ સંકેલ્યો,
એનાં મુખ ઊંધા, મોરાર જી !
કીડીનાં અંતર કેમ ઘડીયાં
સૃષ્ટિના સરજણહાર!
આવી તારી કળા અપરંપારજી.
જનમ આગળ દૂધ જુગતેં,
તેં કીધાં તૈયાર જી
મોરનાં ઈંડામાં રંગ, મોહન !
કેમ ભર્યા, કિરતાર !

- દુલા ભાયા કાગ

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જયારે પહેલવહેલ કાગ બાપુને મળ્યા ત્યારે નોંધે છે : “પાણકોરાનું ધોતિયું, પાણકોરાનો ડગલો, પાણકોરાનો જ ફેંટો, ગળે એક પછેડી, કાળી ઘાટી લાંબી દાઢી, અને માથા પર કાળા કેશનો ચોટલો; પાણીદાર છતાં પ્રશાન્ત બે આંખો કંઈક તો બાવા-સાધુ જેવા ભાસેલ, પોતાની રચેલી દેવીની, પ્રભુની તેમજ ચારણે ‘આઈનો’ ની સ્તુતિના ઝડઝમડિયા છંદો ગાયા, ત્યારે એમના ઘેરા, ગંભીર, મંદિર-ઘુંમટના ઘંટ-રણકાર શા કંઠનો પરિચય થયો. છંદોની જડબાતોડ શબ્દ-ગૂંથણીન આસાનીથી રમાડતી એમની જીભની પણ શક્તિ દેખાણી.”

પદ્મશ્રી દુલા ભાયા કાગની રચનામાં કુદરત અને પ્રકૃતિ સાથેનું એક એવું જોડાણ છે કે જે ભલભલા વિદ્વાન કવિઓ અને લેખકોને ‘આફિન’ પોકારવા મજબૂર કરી દે છે. કાગબાપુ પોતાને કવિના પરદા આડે એક ‘સાચોસાચ ખેડૂત’ કહેતા ! અને તેમનો પોતાની કવિતા નિજાનંદ માટે જ લખી પણ તેમની સરળતાથી કુદરતની અપાર અસીમ શક્તિને દર્શાવવાની શૈલી પોતાની આગવી છે. માત્ર પાંચ ચોપડી ભણેલા આ કવિ પાસે શબ્દોની આવી અદ્‌ભૂત સૂઝ કયાંથી આવી એ આપણને અચંબિત કરી મૂકે છે! આ એક એવા લોકકવિ રહ્યા જેના કાવ્યો છપાય એ પહેલાં એને પાંખો આવી જાય છે. પુસ્તક આકારે પ્રસિદ્ધ થતાં પહેલાં તો તે કાવ્યો પ્રજાની જીભે ચડી જાય છે અને દૂર-સુદૂરનાં ગામડાઓમાં એકતારાના ઝણકાર સાથે ગુંજવા લાગે છે.

‘કાગવાણી’ નો આ કવિ માનવજીવનમાં સનાતન મૂલ્યોને પિછાણનારો છે, સમાજહૃદયનાં સ્પંદનો પારખનારા વેધક દૃષ્ટિવાળો છે. ભારતની સંસ્કૃતિ-ગંગાનાં નીર એણે સૌરાષ્ટ્રની તળપદી શૈલીમાં વહેતં કર્યા છે. સાચો કવિએ કોઈ પણ યુગનું પરમ ધન છે. કવિ કાગનાં સર્જનોનું સંપાદન કરનાર સુરેન ઠાકર (‘મેહુલ’) કહે છે : ‘કવિ કાગનાં કાવ્યોનો મુખ્ય રણકો ભજનોનો છે. આ કવિની કવિતામાં માનવજીવનની મીમાંસા છે, તત્ત્વજ્ઞાનની ઝીણવટ છે, પ્રભુની કલાની પિછામ છે. આ કવિ ભક્ત છે, વિચારક છે, માનવતાના પૂજારી છે. રાજપરા ગાનાર કુળમાં એ પ્રભુ યશ ગાનાર થયા.’

“મોહન મારો રે તેને દુ:ખે દૂબળો રે... જી,
હૈયામાં પ્રગટી હુતાશન હાય;
અનાથુંનો બેલી એને અંગ અંગે વેદના રે... જી,
ઘટડામાં લાગ્યા દલિતુનાં ઘાય...”

ગાંધીજીની અસ્પૃશ્યતા અંગેની આ વેદનાની વાત હો, અબોલ પંખી વનમાં આગ લાગે અને જે કલ્પાંત કરે તેની વાત હોય કવિની કલમ આપણી આંખો જ નહિ હૈયાને પણ ભીનું કરી જાય છે!

“પત્ર બિગાડે ફળ ડસે, બેઠે શીતળ છાંય;
તુમ જલો અમે ઉડીએ, જીવન કા ફલ નાંય.
ઊડી જાઓ પંખી! પાંખુવાળા... જી,
વડલો કહે છે, વનરાયું સળગી, મૂકી દીધો જૂના માળ!
આભે અડિયાં સેન અગનમાં, ધખિયાં આ દશ ઢાળાં જી;

વડલો કહે છે : ‘હે પક્ષીઓ! તમે ઊડી જાઓ, કારણ કે જંગલમાં લાગેલા દાવાનળ મને હમણાં બાળી નાખશે. મારે તો પાંખો નથી, માટે બળી જઈશ. પણ તમે તમારા પ્રમાણ બચાવો. અહીં મારી રાખ પણ આવી કદીક એકાદ ટૈકો કરી જજો.’

ત્યારે પંખી કહે છે,
‘ભેળાં મરશું, ભેળાં જન્મશું, તારે માતે કરશું માળા જી’
કાગ’ કે આપણે ભેળા બળશું, ભેળાં ભરશું ઉચાળા.”

આવા આ સંવેદનાના કવિને ૨૭મી ફેબ્રુઆરીએ તેમની ૪૩મી પુણ્યતિથિ નિમિત્તે શત્ શત્ નમન.

**Last Seen :**

તારે આંગણિયે કોઈ આશા કરીને આવે રે
આવકારો મીટો આપજે રે.
તારે કાને કોઈ સંકટ સંભળાવે રે, બને તો થોડું કાજે રે જી...

- દુલા ભાયા ‘કાગ’

- nehalgadhavi101@gmail.com

# બિહારમાં આઠ મહિના પછી ધારાસભા ચૂંટણી પણ અત્યારથી ધમાધમ



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

- એપ્રિલ ૨૦૨૧માં હવે પશ્ચિમ બંગાળના રાઈટર્સ બિલ્ડિંગને કબજે કરવાની ભાજપની આખરી નેમ
- નરેન્દ્ર મોદીના વ્યૂહકાર રહેલા પ્રશાંત કિશોર અને જેએનયુવાળા કોમરેડ કનૈયાની ખાસ્સી સક્રિયતા
- ચૂંટણી જીતવા માટે સમાધાનો થકી વિપક્ષની હવા કાઢવાની વેતરણમાં જોવા મળતો સત્તામોરચો
- કોંગ્રેસના યુપીએ કે ભાજપના એનડીએ મોરચામાં કાયમ પ્રધાનપદું જાળવતા રામવિલાસ પાસવાન

સાત રાજ્યો ગુમાવ્યા પછી ભારતીય જનતા પક્ષ હવે છાસ પણ ફૂંકીને પીએ છે. બિહાર અને પુદુચેરી વિધાનસભાની ચૂંટણીનો હવે વારો છે. એ કબજે કર્યા પછી કોલકાતાના રાઈટર્સ બિલ્ડિંગને કબજે કરવાની ભાજપની નેમ છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળો રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચો (એનડીએ) ભવ્ય બહુમતી સાથે ફરી સત્તામાં આવ્યો તો ખરો, પણ એ પછી રાજ્યો ગુમાવવાની પરંપરા અખંડ રહી છે. હવે તો ભાજપની માતૃસંસ્થાના “અધિકારીઓ” પણ કહેવા માંડ્યા છે કે દર વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જીતાડી જ શકે એવું માની લેવું જરા વધુ પડતું છે. ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાની આવતાં વર્ષોમાં અગ્નિપરીક્ષા છે. વર્ષ ૨૦૧૫ની બિહાર વિધાનસભાની ચૂંટણીમાં વિજય તો લાલુપ્રસાદના રાષ્ટ્રીય જનતા દળ(આરજેડી), નીતીશકુમારના જનતા દળ (યુ) અને કોંગ્રેસના મહાગઠબંધનનો જ થયો હતો. સૌથી વધુ બેઠકો આરજેડીને મળી હતી છતાં “કાકા” નીતીશકુમારને મુખ્યમંત્રીપદ આપીને તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી બનવાનું સ્વીકાર્યું હતું. જેલવાસી લાલુના કુંવર તેજસ્વીને સીબીઆઇ ખટલામાં સામેલ કરાતાં કાકાએ પલટી મારી અને ભાજપ સાથે ઘર માંડ્યું. રાજકારણમાં કશું સ્થાયી હોતું નથી. આવતીકાલોમાં ફરીને એનડીએના ઘટકપક્ષો યુપીએમાં વિહાર કરતા જોવા મળે તો બહુ આશ્ચર્ય નહીં. કેન્દ્રમાં મંત્રીપદના સ્થાયી હકદાર મનાતા લોક જનશક્તિ પાર્ટીના રામવિલાસ પાસવાન નમતા ત્રાજવે બેસવાનું પસંદ કરે છે. ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં પણ એમણે પોતાનો નોખો ચોકો કરીને ગમે ત્યારે સત્તા સાથે જવાના કે છેડો ફાડવાના સંકેત આપ્યા જ હતા. બિહારનો ગઢ ટકાવી રાખીને આવતા વર્ષે પશ્ચિમ બંગાળમાં યોજાનારી ચૂંટણીમાં કોલકાતામાં ભાજપનું શાસન સ્થપાય એની વેતરણમાં મોદી-શાહ-નડ્ડાની ત્રિપુટીની નેમ હોય એ સ્વાભાવિક છે. લાગલગાટ સાત રાજ્યો ગુમાવ્યા પછી બિહાર ભાજપ-જેડી(યુ) જીતશે કે કેમ એ શંકાસ્પદ તો છે જ.

**હવે નીતીશ વિરુદ્ધ તેજસ્વી**

બિહારમાં મુખ્યમંત્રી નીતીશ કુમારના નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદી વચ્ચે હમણાં બહુ મનમેળ હોય એવું લાગતું નથી. ચૂંટણી પછી અહીં ભાજપને પોતાનો મુખ્યમંત્રી સ્થાપિત કરવો હોય તો એ મોદી જ હોય એવું જરૂરી નથી. ભાજપ અહીં અનેક છાવણીઓમાં વહેંચાયેલો છે. આમ છતાં, જયારે સામે પક્ષે મહાગઠબંધન મજબૂત હોય ત્યારે સત્તામોરચો સંપી જાય એવી શક્યતા વધુ. ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦માં યોજાનારી વિધાનસભા ચૂંટણી આડે હજુ આઠેક મહિના હોવા છતાં બધા પક્ષોએ ચૂંટણીનાં ઓજારો સજાવવા માંડ્યાં છે.જાગતાની પાડી અને ઊંઘતાનો પાડો એ ઉક્તિને પ્રતાપે અત્યારથી બિહાર આખું જાણેકે ઈલેક્શન મોડમાં લાગે છે.કેટલાક વિપક્ષી નેતાઓની કોશિશ એવી હતી કે ચૂંટણી શરદ યાદવના નેતૃત્વમાં લડાય પરંતુ સ્વયં શરદ યાદવે પોતાના તરફથી તેજસ્વીના નામને પ્રસ્તાવિત કરીને લાલુપુત્રના નેતૃત્વમાં જ ચૂંટણી લડવાના સંકેત આપ્યા છે. તેજસ્વી અત્યારે વિધાનસભામાં વિપક્ષના નેતા છે. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકોમાંથી સૌથી મોટા પક્ષ તરીકે ૮૦ બેઠકોવાળા આરજેડીનું સ્થાન છે. વિપક્ષમાં બીજા ક્રમે ૨૬ બેઠકો સાથે કોંગ્રેસ આવે છે. ડાબેરી અને બીજા પૂંછડિયા ખેલાડીઓ સહિત વિપક્ષ પાસે કુલ ૧૧૧ સભ્યો છે. એક બેઠક ખાલી છે.જેડી(યુ) પાસે ૭૦, ભાજપ પાસે ૫૪ અને લોજપા પાસે ૨ અને ૫ અપક્ષ મળીને સત્તાપક્ષ પાસે ૧૩૧ ધારાસભ્યોનો ટેકો હોવાનું સ્પષ્ટ થાય છે. ભાજપના મિત્રપક્ષો પણ માનવા માંડ્યા છે કે ભાજપની નેતાગીરી પ્રાદેશિક પક્ષોને ઓહિયાં કરી જવાની નીતિ ધરાવે છે. આ બાબત તમામ મિત્રપક્ષોને સાશંક રાખે છે.

**પ્રશાંત-કનૈયાની કારીગરી**

સ્કાયલેબની જેમ ખાબકેલા બે નેતાઓ આજકાલ બિહારના રાજકારણી ઘમરોળી રહ્યા છે. એક, ક્યારેક મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે રહીને એમને વડાપ્રધાનપદ સુધી પહોંચાડવાનો દાવો કરનારા પ્રશાંત કિશોર અને બીજા જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ યુનિયનના અધ્યક્ષ રહેલા કનૈયા કુમાર. કનૈયા સામે રાજદ્રોહ ખટલા સહિત અનેક ખટલાઓ દાખલ કરાયા છતાં એ સત્તાધીશોને ઝૂકવાને બદલે વધુ આક્રમક રહ્યો છે.પ્રશાંત કિશોર અન્ય પક્ષોને માટે પણ કામ કરીને અંતે પોતાના વતન રાજ્ય બિહારમાં મુખ્યમંત્રી નીતીશ કુમારની પાર્ટીમાં જોડાઈને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બન્યો. જોકે પ્રશાંત કોઈ બંધનમાં ઝાઝો સમય રહી શકવાની સ્થિતિમાં નથી. આમ છતાં, આ બંને યુવા ચહેરાઓ બિહારના રીઢા રાજનેતાઓને માટે મુશ્કેલીઓ નિર્માણ કરી રહ્યા છે.પ્રશાંત સામે ખટલા શરૂ કરાયા છે અને એફઆરઆઈ પણ નોંધવાનું કામ થયું છે. એ નીતીશ-મોદી સરકાર માટે મૂંઝવણો સર્જતો હોવાથી આજકાલ હીટ લિસ્ટ પર છે.કનૈયા કુમાર અગાઉ વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડ્યો હતો અને એનો પરાજય થયો હતો.

**ગિરિરાજનો મુસ્લિમવિરોધ**

સામાન્યરીતે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના મંત્રીઓ કંઈક બોલે એ સઘળા પ્રધાનમંડળની જવાબદારી ગણાય. મંત્રીઓ બેફામ નિવેદનો કરી શકે નહીં. આમ છતાં, ભાજપના અમુક નેતાઓ મંત્રીપદે હોવા છતાં મોઢાના છૂટ્ટા હોવાનું જોવા મળે છે. બિહારી કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ ગમે ત્યારે બેફામ નિવેદનો કરવા માટે જાણીતા છે. એમનાં મુસ્લિમ દ્રોહી નિવેદનો નહીં રોકાતાં પક્ષના વડા એ એમને બોલાવીને જ્ઞાન આપ્યું તો હતું, પરંતુ આદત સે મજબૂર આ મંત્રી તો પક્ષના વડાને મળ્યા પછી પણ બેફામ નિવેદનો કરતા રહ્યા છે. મોદી સરકારના આ મંત્રી ખુલ્લેઆમ તમામ મુસ્લિમોને પાકિસ્તાન મોકલી દેવાયા નહીં એ અંગે અફસોસ વ્યક્ત કરતા રહ્યા છે અથવા હિંદુમાંથી મુસ્લિમ ધર્મ અંગીકાર કરનારના પરિવારમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે મૃતદેહને દફન કરવા દેવાને બદલે અગ્નિસંસ્કાર કરાવવા સમજાવવા પોતે પહોંચી જાય છે. સંયોગ તો જુઓ કે એમના જ પક્ષના બિહારી મુસ્લિમ નેતા અને વાજપેયી સરકારમાં મંત્રી રહેલા શાહનવાઝ હુસૈન હિંદુ મહિલાને પરણ્યા છે. તેમના પક્ષના નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદી ખ્રિસ્તી મહિલાને પરણેલા છે. મુસ્લિમોમાં પિતરાઈ ભાઈ-બહેન કે મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન થતાં હોવાની કાગારોળ મચાવનારા ગિરિરાજ સિંહ એ વાત ભૂલી જાય છે કે દક્ષિણ ભારતમાં પણ હિંદુઓમાં નજીકનાં સગાંમાં લગ્નોની પરંપરા છે.

**સત્તામોરચાનાં પારોઠનાંપગલાં**

દિલ્હી વિધાનસભા ચૂંટણી જીતવા માટે ભાજપએ જમીનઆસમાન એક કર્યા છતાં એ સ્વપ્ન સાકાર નહીં થતાં ભાજપ અને સંઘની નેતાગીરીમાં આત્મનિરીક્ષણ કરવાનું શરૂ થયું લાગે છે. મુખ્યમંત્રી નીતીશ કુમાર પણ ભાજપની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મુસ્લિમવિરોધી નીતિથી અકળાયેલા લાગે છે. એમને નાગરિકતા સુધારા ધારો હજુ સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન હોવાથી એના ચુકાદાની પ્રતીક્ષા છે,પરંતુ કેન્દ્ર સરકારની ઈચ્છા મુજબના રાષ્ટ્રીય વસ્તી નોંધણીપત્રક (એનઆરપી) અને રાષ્ટ્રીય નાગરિકતા નોંધણીપત્રક (એનઆરસી) વિરુદ્ધ વિધાનસભામાં ઠરાવ કરાવ્યા છે.બિહારમાં મુસ્લિમ વસ્તી નિર્ણાયક છે એટલે નીતીશ કુમાર એને અવગણી શકે તેમ નથી.